જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૫/૨૦૨૩  રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૮૫૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૪ કેસ કરી, ૬૬ વ્યક્તિઓને ઝડપી, ૨૨૪ લીટર દેશી દારૂ, ૨૯ ઈંગ્લીશ દારૂ, ૬૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૮૫૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વાહન અકસ્માતમાં મૃત્યુઃ-  સમાચાર યાદી નં.૮૫૭/૨૦૨૩

**"કે" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૧)** મોહમદઅલી નન્હેભાઈ અન્સારી (ઉ.વ.૪૫) (રહે. ખ્વાજાનગર બીઆરટીએસ વર્કશોપ પાછળ ન્યુ ફેસલનગર બોમ્બે હોટલ દાણીલીમડા) તા.૨૭/૦૫/૨૦૨૩ કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે કોઝી હોટલથી આરવી ડેનિમ તરફ જતા સાવધરીયા ફાર્મ સામેથી લ્યુના ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ડમ્પર નંબર જીજે ૦૧ જીએ ૧૬૭૬ ના ચાલકે ડમ્પર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લ્યુનાને ટક્કર મારતા મોહમદઅલી અંસારીને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર મોહમદઅલી અંસારીના પુત્ર મોહમદસફેસલ અંસારીએ "કે" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**"કે" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૨)** રસીકલાલ જીવણલાલ પરમાર (ઉ.વ.૪૮) (રહે. નિલકંઠ હાઈટ્સ ઓમ શાંતિનગર-૨ ની બાજુમાં કેનાલ રોડ વટવા નારોલ) તા.૨૭/૦૫/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે લાંભા ટી કોઠારી મેટલ દુકાન સામેથી ચાલતા રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે આયસર ગાડી નંબર જીજે ૧૮ એયુ ૯૬૩૮ ના ચાલકે આયસર ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રસીકલાલ પરમારને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર રસીકલાલ પરમારના પુત્ર જતીનકુમાર પરમારે "કે" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૫૮/૨૦૨૩**

**વટવાઃ** જય સ/ઓ નરેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૨૫) (રહે. સિધ્ધેશ્વર પાર્ક સોસાયટી ઘોડાસર વટવા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૫/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આઇ.રાઠોડ ચલાવે છે.

**નારોલઃ** પુષ્પાબહેન ડો/ઓ ઉદેસિંગ ચુનારા (ઉ.વ.૨૮) (રહે. પ્રેરણાનગર સોસાયટી વાલ્મીકીનગર સામે રંગોલીનગર નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૫/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે દરવાજા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આઇ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી